
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૨ | ૧૨ ઓક્ટોબર, ૨૦૧૯, શનિવાર; આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મહાબલીપુરમમાં બે મહાબલીની મુલાકાત





મહાબલીપુરમ, તા. ૧૧

ચીનના પ્રમુખ શી જિનપિંગની બે દિવસની

### જિનપિંગનું લાલ જાજમ બિછાવી સ્વાગત

ઐતિહાસિક ભારત યાત્રા આજે શરૂ થઈ ગઈ હતી. જિનપિંગ તમિળનાડુના મહાબલીપુરમમાં

### નરેન્દ્ર મોદી-જિંગપિંગે મહાબલીપુરમ ખાતેના ઐતિહાસિક ૩ સ્મારકનું ભ્રમણ કર્યું

પહોંચ્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ચેન્નાઈ વિમાની મથકે લાલઝાજમ બિછાવીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તમિળ સંસ્કૃતિના દર્શન પણ તેમને કરાવાયા હતા. તમિળ શાસ્ત્રીય સંગીતના કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ કર્યા હતા. ભારત નાટ્યમના કલાકારોએ પણ તેમની સંસ્કૃતિ દર્શાવી હતી. બીજી બાજુ મોટી સંખ્યામાં બાળકોએ ભારત અને ચીનના ધ્વજ લહેરાવીને તેમનું સ્વાગત કર્યુ હતું

● અનુસંધાન પાન-૭ પર

## મહાત્મા ગાંધીના માનમાં બ્રિટન સિક્કો બહાર પાડશે

પેરિસ,તા.૧૧

મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતીના વર્ષે તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે બ્રિટન સરકારે તેમને સમ્માન આપવા માટે સિક્કો બહાર પાડવાનો નિર્ણય લીધો છે. બ્રિટનના નાણામંત્રી સાજિદ જાવિદે બાપૂના માનમાં સિક્કો બહાર પાડવાની જાહેરાત કરી છે. પાકિસ્તાની મૂળના બ્રિટિશ મંત્રી જાવિદે કહ્યું કે તેમણે બ્રિટનની રોયલ મિંટને કહ્યું છે કે તેમણે મહાત્મા ગાંધીની યાદમાં એક સિક્કો બહાર પાડવા પર કામ કરવું જોઈએ.

# કાશ્મીર મામલે કોઈની દખલગીરી મંજૂર નથી



### કોંગ્રેસે કાશ્મીર મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ કર્યું : રાહુલ ગાંધી પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરે : ભાજપ સરકાર વિદર્ભના વિકાસ માટે કામ કરે છે : અમીત શાહ

બુલઢાણા, તા.૧૧

કાશ્મીર મામલે પાકિસ્તાનના સુરમાં સુર મિલાવનારા ચીનને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઈશારા-ઈશારામાં જ દુનિયાને આકરો સંદેશ આપી દીધો હતો. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારત પહોંચે તે પહેલા જ મહારાષ્ટ્રના બુલઢાનામાં એક ચૂંટણીસભાને સંબોધતા શાહે કહ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોથી અમારૂ વલણ સ્પષ્ટ છે કે, કાશ્મીર મામલે અમે કોઈ પણ દેશની દખલગીરી સહન નહીં કરીએ.

અમિત શાહે સ્પષ્ટ કહ્યું છે કે, પછી ભલે અમેરિકાના રાષ્ટ્રપતિ (ડૉનાલ્ડ ટ્રમ્પ) હોય કે કોઈ બીજું. મોદીજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, કાશ્મીર અમારો આંતરીક મુદ્દો છે અને તેમાં અમારે કોઈ પણ દેશના હસ્તક્ષેપની જરૂર નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ પણ કાશ્મીર મામલે હસ્તક્ષેપ કરવાની અનેકવાર સામેથી પહેલ કરી ચુક્યાં છે. તેમનું કહેવું છે કે, જો ભારત અને પાકિસ્તાન ઈચ્છે તો તેઓ કાશ્મીર મામલે હસ્તક્ષેપ કરવા તૈયાર છે. પરંતુ આજે શાહે ટ્રમ્પની આ ઈચ્છાનો જ છેદ ઉડાડી દીધો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## તુર્કી પર આકરા પ્રતિબંધ લદાશે: અમેરિકા

વૉશિંગ્ટન,તા.૧૧

અમેરિકાના વિદેશ વિભાગે કહ્યું કે, સીરિયામાં અમાનવીય અને અનૈતિક કાર્યવાહી કરીને સરહદ ઓળંગી તો તેની પર કડક પ્રતિબંધ લગાડવામાં આવશે. ૩૦ રિપબ્લિકન સાંસદ તુર્કી પર પ્રતિબંધ લગાવવા અંગે સંસદમાં બિલ લાવી શકે છે. તો બીજી તરફ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના અધિકારીઓને સૂચન આપ્યું છે કે તુર્કી અને કુર્દિશના જુથોની લડાઈમાં મધ્યસ્થા કરી સમાધાન કરી શકાય છે.

# કલમ ૩૭૦ની નાબૂદી બાદ જમ્મુ-કાશ્મીરમાં હિંસા ઘટી

### આતંકવાદી હુમલા-પથ્થરબાજીના બનાવો ઘટ્યા : ભારતીય સેના પાકિસ્તાનના ખતરનાક કાવતરાને નિષ્ફળ કરવા સજ્જ છે : લેફ્ટ જનરલ રણબીરસિંહ

જમ્મુ,તા.૧૧

પાંચમી ઓગસ્ટના દિવસે કલમ ૩૭૦ની નાબૂદી બાદથી જમ્મુ કાશ્મીરમાં હિંસામાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થઈ ચુક્યો છે. કાશ્મીર ખીણમાં હિંસા ઘટી હોવાનો દાવો આજે સેના દ્વારા કરવામાં આવ્યો હતો. ભદરવામાં યુનિવર્સિટી કેમ્પસમાં સંગમ યુથ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યા બાદ જનરલ ઓફિસર કમાન્ડર ઈન ચીફ (નોર્થન કમાન્ડ) લેફ્ટી જનરલ રણબીરસિંહે આજે કહ્યું હતું કે, ખીણના યુવા લોકોથી અપેક્ષાઓ વધી ગઈ છે. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, ખીણમાં સ્થિતિ હવે સંપૂર્ણપણે કાબૂ હેઠળ છે. પાંચમી ઓગસ્ટના દિવસે કલમ ૩૭૦ની નાબૂદી બાદથી કાશ્મીરમાં હિંસા



ફેલાવતા તમામ પરિબળોમાં મહત્વપૂર્ણ સુધારો થઈ ચુક્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આતંકવાદીઓ દ્વારા કરવામાં આવતી ઘટનાઓ પણ ઘટી ગઈ છે. પથ્થરમારાના બનાવોમાં પણ ઘટાડો થયો છે. સાથે સાથે મોટી સંખ્યામાં લોકો જે વિરોધ પ્રદર્શન

● અનુસંધાન પાન-૭ પર

## બનાવટી એન્કાઉન્ટર મામલે ઉત્તરપ્રદેશ મોખરે

### ભાજપ સરકારના અઢી વર્ષમાં આશરે ૪૦૦૦ એન્કાઉન્ટર

લખનૌ,તા. ૧૧


ઉત્તરપ્રદેશ પોલીસ પર બનાવટી એન્કાઉન્ટરના મોટા મોટા આરોપો લાગી રહ્યા છે. બીજી બાજુ માનવ અધિકાર રિપોર્ટમાં જે આંકડા રજૂ કરવામાં આવ્યા છે તે મુજબ તમામ લોકો હેરાન થઈ શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે તેમની પાસે જેટલી પણ ફરિયાદ આવી છે તે પૈકી સૌથી વધારે ફરિયાદ ઉત્તરપ્રદેશમાંથી આવી છે. છેલ્લા અઢી વર્ષના ગાળામાં ચાર હજાર એન્કાઉન્ટર થયેલા છે. ત્રણ દશક પહેલા પીલીભીતમાં એક ડઝન લોકોના બનાવટી એન્કાઉન્ટર થયા હતા. ભાજપ સરકારના ગાળામાં આશરે ૪૦૦૦ બોગસ એન્કાઉન્ટર થઈ ગયા છે. હાલમાં ઝાંસીમાં પુષ્પેન્દ્ર યાદવના મોતને લઈને ઉત્તરપ્રદેશમાં રાજકીય ગરમી વધી ગઈ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી દ્વારા આકરા પ્રહારો સરકાર પર કરવામાં આવી રહ્યા છે. વિપક્ષના આક્રમક મુડને ધ્યાનમાં લઈને સરકાર નરમ વલણ અપનાવી રહી છે. ઝાંસીમાં પુષ્પેન્દ્ર યાદવના બોગસ એન્કાઉન્ટર મામલે તપાસ શરૂ કરવામાં આવી ચુકી છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના કહેવા મુજબ બનાવટી એન્કાઉન્ટરની ફરિયાદના મામલે ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી આગળ છે. છેલ્લા ૧૨ વર્ષનો એક આંકડો જારી કરવામાં આવ્યો છે.

# બીજી ટેસ્ટ મેચમાં વિરાટ કોહલીની બેવડી સદી

### પુણે ટેસ્ટ મેચમાં ભારતના ૬૦૧ રનના જંગી જુમલાના જવાબમાં આફ્રિકી ટીમના ૩ વિકેટ માત્ર ૩૬ : વિરાટ કોહલીના ભવ્ય ૨૫૪

પુણે,તા.૧૧

પુણે ખાતે રમાઈ રહેલી આઈસીસી ટેસ્ટ ચેમ્પિયનશીપના બીજા દિવસે આજે રમત બંધ રહી ત્યારે ભારતે ફરી એકવાર મજબૂત સ્થિતિ બનાવી લીધી હતી. મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન મેદાનમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે આજે દક્ષિણ આફ્રિકાની ટીમ રમત બંધ રહી ત્યારે સંઘર્ષ કરતી નજરે પડી હતી. ભારતના પ્રથમ દાવમાં પાંચ વિકેટે ૬૦૧ રન દાવ ડિકલેરના જવાબમાં બીજા દિવસે આફ્રિકાએ ત્રણ વિકેટ ગુમાવીને ૩૬ રન કર્યા હતા. ભારતના પ્રથમ ઈનિંગ્સના આધાર પર દક્ષિણ આફ્રિકા હજુ ૫૬૫ રન પાછળ છે અને તેની સાત વિકેટ હાથમાં છે. તેના પર ફોલોઓનનું સંકટ તોળાઈ રહ્યું છે. સાથે સાથે હારનું સંકટ પણ તોળાઈ રહ્યું છે. પ્રથમ ટેસ્ટ મેચમાં જંગી અંતર સાથે જીત મેળવી લીધા બાદ બીજી ટેસ્ટ મેચમાં પણ ભારતીય ટીમ હવે અતિ મજબૂત સ્થિતિમાં છે. આજની રમતની મુખ્ય વિશેષતા કેપ્ટન વિરાટ કોહલીની રેકોર્ડ બ્રેક ૨૫૪ રનની અણનમ ઈનિંગ્સ રહી હતી. ભારતે બીજી ટેસ્ટ મેચના અંતિમ સત્રમાં પોતાની ઈનિંગ્સ ડિકલેર કરી હતી. રવિન્દ્ર જાડેજા ૯૧ રન કરીને આઉટ થતાંની સાથે જ કોહલીએ દાવ ડિકલેર કરી દેવાનો નિર્ણય કર્યો હતો. વિરાટ કોહલીએ આજે અણનમ ૨૫૪ રન કર્યા હતા જેમાં ૩૩ ચોગ્ગા અને બે છગ્ગાનો



સમાવેશ થાય છે. અનેક નવા રેકોર્ડ આજના દિવસે વિરાટ કોહલીના નામ ઉપર થઈ ગયા હતા. પહેલા બેટિંગમાં અને ત્યારબાદ બોલિંગમાં

● અનુસંધાન પાન-૭ પર

# ધનતેરસ સુધી સોનાનો ભાવ ૪૦ હજાર પહોંચશે



### ધનતેરસ પર સૌથી વધારે ખરીદી થવાના સંકેતો : સિલ્વરની કિંમત ૪૮૫૦૦ પ્રતિ કિલો સુધી પહોંચે તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૧૧

ધનતેરસના પર્વ સુધી સોનાની કિંમત ૪૦૦૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. આવી જ રીતે ચાંદીની કિંમત ૪૮૫૦૦ સુધી પહોંચી જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બજાર સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે ખરીદીને લઈને તેઓ આશાવાદી છે. સ્થાનિક માર્કેટમાં હાલમાં આર્થિક મંદી વચ્ચે માંગ વધારે દેખાઈ રહી નથી. પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તર પર સોના અને ચાંદીમાં હાલમાં રોકાણ કરવામાં લોકો ઝડપથી આગળ આવી રહ્યા છે. જેથી બંનેની કિંમતોમાં દબાણ જોવા મળી રહ્યુ છે., તમામ લોકો જાણે છે કે ધનતેરસ્ના સમય ભારતમાં ગોલ્ડ અને સિલ્વરની ખરીદી સૌથી વધારે થાય છે. એક અંદાજ મુજબ સમગ્ર વર્ષમાં સોના અને ચાંદીની જેટલી ખરીદી થાય છે તે પૈકી ૩૦ ટકા ખરીદી એકલા ઓક્ટોબર મહિનામાં થાય છે.

# ઈથિયોપિયાના વડાપ્રધાનને શાંતિ નોબેલ પુરસ્કાર

### ઈથિયોપિયાના વડાપ્રધાન અહમદ અલીને ૨૦૧૯નો શાંતિ પુરસ્કાર મળ્યો : ૨૦૧૮માં વડાપ્રધાન બન્યા બાદ અબિયએ ઈરીટ્રિયા સાથે શાંતિ વાર્તા શરૂ કરી

ઓસ્લો,તા.૧૧

૨૦૧૯નું શાંતિનું નોબેલ સમ્માન ઈથોપિયાના વડાપ્રધાન અબિય અહેમદ અલી (૪૩)ને એનાયત કરવામાં આવ્યું છે. અબિય અહેમદ અલીએ પાડોશી દેશ ઈરીટ્રિયા સાથે સરહદ વિવાદ ઉકેલવા માટે પગલાં લીધા હતા. નોર્વેની નોબેલ સમિતિએ આ પ્રયાસો માટે અબીયને શાંતિનું નોબેલ આપ્યું હતું.

નોર્વેનિયન નોબેલ સમિતિએ અબિય અહેમદને શાંતિ અને આંતરાષ્ટ્રીય સહયોગ માટે હાથ ધરાયેલા પ્રયત્નો માટે નોબેલથી તેમને સમ્માનિત કર્યા હતા. અબિયને મળેલા આ સમ્માન દ્વારા

● અનુસંધાન પાન-૭ પર




વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ





અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા,
નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-૩૦,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ
હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.
PARAM